અપીલ અરજી નં.૩૦૮ તા.૨૯–૧૨ –૧૦
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ડો. ધવલ મહેતા
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી( ટાઉન પ્લાનીંગ)
તમામ ઝોન અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડો. ધવલ મહેતાની તા.૨–૧૧–૧૦ ની અરજીથી (૧) છેલ્લા ૫ વર્ષમાં કોઈ પણ વિસ્તારમાંથી રીઝર્વેશન ઉઠાવી લેવાયું હોય તેવી સોસા.ની માહિતી કારણ સાથે (૨) હાલમાં જે સોસા.માં છેલ્લા ૨૦ વર્ષથી રીઝર્વેશન છે અને બાંધકામ થઈ ચૂકયા છે એવી સોસા. પર સુરત મ્યુ. કોર્પોરેશન આગળ શું કરવા માંગે છે અને શું કરે છે તેની માહિતી આપવા બાબત.
**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૯–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૩૦૮/૨૦૧૦–૧૧

શ્રી ડો. ધવલ મહેતાની તા.૨–૧૧–૧૦ ની અરજીથી (૧) છેલ્લા ૫ વર્ષમાં કોઈ પણ વિસ્તારમાંથી રીઝર્વેશન ઉઠાવી લેવાયું હોય તેવી સોસા.ની માહિતી કારણ સાથે (૨) હાલમાં જે સોસા.માં છેલ્લા ૨૦ વર્ષથી રીઝર્વેશન છે અને બાંધકામ થઈ ચૂકયા છે એવી સોસા. પર સુરત મ્યુ. કોર્પોરેશન આગળ શું કરવા માંગે છે અને શું કરે છે તેની માહિતી આપવા બાબતે તા.૩૦–૧૧–૧૦ થી ડે.કમિ.(પીએન્ડડી) ને સંબોધીને કરેલ અરજીથી અરજી પરત ખેંચેલ હોવા છતાં સંતોષકારક જવાબ ન આપવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદૃા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૩૫ તા.૫–૧–૧૧ થી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી( ટાઉન પ્લાનીંગ), તમામ ઝોન અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને તેમની મુળ અરજીની તથા તેમની જાણ હેઠળ કોઈ તબદીલી થયેલ હોય તો તેની નકલ, તથા તેમની તા.૩૦–૧૧–૧૦ ની અરજીથી ડે.કમિ.(પીએન્ડડી) ને સંબોધીને અરજી પરત ખેંચેલ છે. જયારે સંદર્ભ હેઠળની અરજીથી તે જ બાબતે અપીલ કરેલ છે જે વિરોધાભાસ સૂચવે છે જે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર સા.વે.ઝોન/અઠવા/૧૧૮૩ તા.૧૧–૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં. ૬૫૮ તા.૧૨–૧–૧૧ થી પૂરક વિગતોમાં ટાઉન પ્લાનીગ વિભાગ તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૩૪૮ તા.૧૫–૧૧–૧૦ થી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ , સેન્ટ્રલઝોન તરફથી સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૧૦૨ તા.૩–૧૧–૧૦ ના રોજ ટાઉન પ્લાનીંગને તબદીલ થયેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગેનો પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/૫૫૨ તા.૩–૧૨–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પૂરક વિગતોમાં પત્ર નં.ઈ.ઝેડ/૫૫૯ તા.૧૮–૧–૧૧ થી પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં સે.ઝોન/ ૧૧૦૨ તા.૩–૧૧–૧૦ થી ટાઉન પ્લાનીંગને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, ટાઉન પ્લાનીંગ તરફથી વરાછાઝોનને પત્ર નં.ટીપીડી/૩૫૦ તા.૧૬–૧૧–૧૦ થી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, તથા વરાછાઝોન તરફથી અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/૫૫૯ તા.૧૦–૧૨–૧૦ થી આપેલ માહિતી અંગેની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી સા.ઈ.ઝોન/મહેકમ/૩૭૩૪ તા.૨૮–૧–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, તબદીલ પત્ર , નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૨૨૦ તા.૧૦–૧૨–૧૦ ના પત્રની નકલ, તથા તે પોસ્ટ કર્યા અંગેના પુરાવાની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૬૮૫૯ તા.૨૯–૧–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.નોર્થઝોન/આ.નં.૬૬૦૨ તા.૨–૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે સેન્ટ્રલઝોન, ઉધનાઝોન તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી અરજદારે તા.૩૦–૧૧–૧૦ ના રોજ અરજી વિડ્રો કર્યા અંગેની અરજીની નકલ રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતોમાં પત્ર સંદર્ભે તા.૨૫–૧–૧૧ થી ઈ–મેઈલ ધ્વારા અરજી વિડ્રો કર્યાનો પત્ર મોકલવામાં આવેલ.

અરજદારની તા.૨–૧૧–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં જણાવેલ સંદર્ભ બાબતે માહિતી માંગતી અરજી મ્યુ. કમિ. સુરત મહાનગરપાલિકાને કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૧૦૨ તા.૩–૧૧–૧૦ થી ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ. ત્યાર બાદ ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૩૪૮ તા.૧૫–૧૧–૧૦ થી કાર્યપાલક ઈજનેર રાંદેરઝોનને તબદીલ કરવામાં આવેલ. ટીપીડી/આરટીઆઈ/ આ.નં.૩૫૦ તા.૧૬–૧૧–૧૦ થી વરાછાઝોનને તબદીલ કરવામાં આવેલ. ટીપીડી/આરટીઆઈ/આ.નં.૩૫૧ તા.૧૬–૧૧–૧૦ થી કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનને તબદીલ

કરવામાં આવેલ. ટીપીડી/આરટીઆઈ/આ.નં.૩૫૪ તા.૧૮–૧૧–૧૦ થી કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/ આ.નં.૫૫૨ તા.૩–૧૨–૧૦ થી રાંદેરઝોન કચેરીએ ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં તમારા તરફથી માંગ્યા મુજબની માહિતી ઝોન કચેરીના રેકર્ડ ઉપર હોવાનું જણાતું નથી તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૫૯ તા.૧૦–૧૨–૧૦ થી " ૨૦ વર્ષ જુની ટીપી સ્કીમના કોઈ પણ રીઝર્વેશન પ્લોટમાં કોઈ સોસા.નું બાંધકામ હોવાનું ઝોન કચેરીના રેકર્ડ ઉપર નથી. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝો તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૨૨૦ તા.૧૦–૧૨–૧૦ થી મુદ્દા ન.(૧) ઝોન કચેરીને લાગુ પડતો નથી જયારે મુદ્દા નં.(૨) અંગે " હાલમાં રીઝર્વેશન પ્લોટો પર કોઈ પણ પ્રકારનું બાંધકામ ન થાય તે અંગે તકેદારી રાખવામાં આવે છે તેમજ ભવિષ્યમાં કરવામાં આવનાર કાર્યવાહી અંગે ઝોન કચેરીએ કોઈ દફતરી રેકર્ડ ઉપલબ્ધ ન હોય તેની હકીકતલક્ષી માહિતી આપી શકાય તેમ નથી તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૬૦૨ તા.૧૨–૧–૧૧ થી મુદ્દા નં.૨ ની વિગતો ઝોન કચેરી ખાતાને લાગુ પડે છે જે બાબતે હાલમાં સોસા.ઓમાં ૨૦ વર્ષથી ટીપી સ્કીમોમાં રીઝર્વેશન હેઠળ છે અને બાંધકામ થઈ ચૂકેલ છે એવી સોસા.ઓમાં જે તે ટીપી સ્કીમ ફાયનલ થયેથી રીઝર્વેશન પ્લોટોના કબ્જા લેવાની કાર્યવાહી હાથ ધરી કબ્જો લેવામાં આવે છે. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/આ.નં.૧૧૮૩ તા.૧૧–૧–૧૧ થી અઠવાઝોનને સદર અરજી તબદીલ કરેલ ન હોઈ અરજી અંગે કોઈ પણ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ નથી અને કોઈ માહિતી આપવામાં આવેલ નથી એવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપીડી/૩૮૦ તા. ૩–૧૨–૧૦ થી અરજદારની તા.૨–૧૧–૧૦ ની અરજી તા.૩૦–૧૧–૧૦ ના રોજ વિડ્રો કરેલ હોઈ સદર અરજી દફતરે કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે સંતોષકારક જવાબ મળ્યો નથી તેવું જણાવી તા.૨૯–૧૨–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અપીલના મુદ્દા નં.(૧) છેલ્લા ૫ વર્ષથી સુરત શહેર વિસ્તાર ડેવલપમેન્ટ પ્લાન અંતર્ગત અને ટાઉન પ્લાનીંગ સ્કીમ અંતર્ગતના રિઝર્વેશન પ્લોટસને ઉઠાવી લેવા હોય તેની વિગત. અપીલના મુદ્દા નં.(૨) મુદ્દા નં.૧ અન્વયેના રિઝર્વેશન પ્લોટસને ઉઠાવી લેવા બાબતે દરખાસ્તની નકલો આપશો. અપીલના મુદ્દા નં.૩ સુરત શહેર વિસ્તારમાં ડેવલપમેન્ટ પ્લાન અને ટાઉન પ્લાનીંગ સ્કીમ અંતર્ગતના રીઝર્વેશન પ્લોટસ પરના રહેણાંક બાંધકામો અન્વયે સુરત મહાનગરપાલિકા અને સુરત શહેરી વિકાસ સત્તા મંડળ ધ્વારા કોઈ નિતી નકકી કરવામાં આવેલ હોય તેની નકલ આપશો. અપીલના મુદ્દા નં.૪ મુદ્દા નં.૩ અન્વયે રિઝર્વેશન પ્લોટસ માટે વેરીએશન કરવામાં આવ્યું હોય તો તેની દરખાસ્ત અને રાજય કક્ષાની મંજુરીનો નકલો જરૂરી ઠરાવ (સાધનિક કાગળ સહ)ની રજૂઆત કરેલ છે.જે બાબતે અત્રેથી અરજદારને તેમની તા.૩૦–૧૧–૧૦ ની ડે.કમિ.(પીએન્ડડી) ને સંબોધીને અરજી પરત ખેંચેલ છે જયારે સંદર્ભ હેઠળ અરજીથી તે બાબતે અપીલ કરેલ છે જે વિરોધાભાસ સૂચવે છે જે અંગે સ્પષ્ટતા માંગવામાં આવેલ. જે અંગે અરજદારે તા.૨૫–૧–૧૧ ના રોજ ઈ–મેઈલ ધ્વારા તેમની અરજી વિડ્રો કરેલ હોવાનું જણાવી દફતરે કરવા જણાવેલ છે.તે દરમ્યાન આ અંગે અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૦૪ તા.૨૧–૧–૧૧ ના પત્રથી આ બાબતે તા.૨૭–૧–૧૧ ના રોજ ૪.૦૦ કલાકે સુનાવણી રાખવામાં આવેલ. તેમાં અરજદાર હાજર રહેલ નહીં. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી ટાઉન પ્લાનરશ્રી હાજર રહી અરજદારે અરજી પરત ખેંચેલ હોઈ માહિતી આપવાની રહેતી નથી એવું જણાવેલ છે. આમ અરજદારની તા.૩૦–૧૧–૧૦ ની પાછી ખેંચતી અરજી તથા ઈ–મેઈલ ધ્વારા તા.૨૫–૧–૧૧ ના રોજ અરજી વિડ્રો કરવા જણાવેલ છે તેમજ સુનાવણી તબકકે પણ હાજર નહીં રહી અરજદારે અરજી વિડ્રો કરેલ હોઈ અપીલ ચલાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૧૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી અરજદારે અરજી વિડ્રો કરેલ હોવાથી અપીલ અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો નથી અને અરજી દફતરે કરવામા આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી( ટાઉન પ્લાનીંગ),તમામ ઝોન અને જાહેર માહિતી અધિકારી ....જાણ તથા અમલ માટે .

(૨) શ્રી ડો. ધવલ મહેતા,